SAURASHTRA UNIVERSITY
P.G.T.R. Section, Main office,
First Floor, University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by NAAC

## પરીપત્ર :--

સંદર્ભ :-- (૧) તા. ૧૦-૦૩-૨૦૧૬ ની બી.યુ.ટી. સભાના ઠરાવ ક્રમાંક-૧૦૩ અન્વયે.
(૨) તા. ૧૫-૦૩-૨૦૧૬ ની સિન્ડીકેટ સભાના ઠરાવ ક્રમાંક-૨૫ અન્વયે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલીત તમામ અનુસ્નાતક સેલ્ફ ફાયનાન્સ કેન્દ્રો તથા **(Run by University)** કેન્દ્રોના પ્રોફેસર ઈન ચાર્જશ્રીઓ ને જણાવવામાં આવે છે કે, તમામ વિદ્યાશાખા અંતર્ગત આવતા યુનિવર્સિટી માન્ય તમામ અનુસ્નાતક સેલ્ફ ફાયનાન્સ કેન્દ્રો તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલીત અનુસ્નાતક કેન્દ્રો ને સંદર્ભ-(૧) અને (૨) અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક્ટ કલમ-૩૬ અન્વયે માન્ય અનુસ્નાતક સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવે છે.

અનુસ્નાતક (સેલ્ફ ફાયનાન્સ)માન્ય સંસ્થા માટેની શરતો :--

૧. સેલ્ફ ફાયનાન્સ ધોરણે અનુસ્નાતક સંસ્થામાં યુનિવર્સિટી દ્વારા ટયુશન ફી તથા અન્ય ફી નું ધોરણ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ ફી વસુલવાની રહેશે.

૨. અનુસ્નાતક સંસ્થામાં પ્રથમ વર્ષે રૂા. ૧૦,૦૦૦/-- (દસ હજાર) જે તે વિષયના પુસ્તકો ખરીદવાના રહેશે. ત્યાર બાદ પ્રતિ વર્ષ રૂા. ૫,૦૦૦/-- ના પુસ્તકો ની ખરીદી કરવાની રહેશે.

૩. અનુસ્નાતક કેન્દ્રમાં પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજ્ય સરકારશ્રી તરફથી અનામત ની ટકાવારી ની જે જોગવાઈ અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ તથા અન્ય પછાત જાતિ, વિકલાંગ વગેરેની કેટેગરીના ઉમેદવારો માટે કરવામાં આવી છે. તેનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૪. સંસ્થાના સંચાલન માટે સંસ્થા તરફથી જરૂરી વહીવટી સ્ટાફ અને અન્ય સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

૫. રાજય સરકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયમો મુજબ શૈક્ષણીક સ્ટાફની ભરતી કરવાની રહેશે.

૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ કાર્યભાર પ્રમાણે નિયમાનુસાર અધ્યાપકોની ભરતી કરવાની રહેશે.

૭. અત્રેથી મંજુરી મેળવીને શરૂ કરવામાં આવેલ અનુસ્નાતક સંસ્થા બંધ કરવાની જરૂરીયાત ઉભી થાય તો એક વર્ષ અગાઉ લેખિત જાણ કરી અત્રેથી મંજુરી મળ્યે સંસ્થા ક્રમશઃ બંધ કરી શકાશે.

૮. સ્વનિર્ભર અભ્યાસક્રમ દીઠ પ્રતિવર્ષ રૂા. ૪૦,૦૦૦/-- નો ડી.ડી. વધારાની માન્યતા ફી તરીકે દર વર્ષે રજીસ્ટ્રેશન ફી, ફોર્મ સાથે રજુ કરવાનાં રહેશે.

૯. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જે નવા જોડાણ અંગેની ફી નિયત કરે તે ફી ભરવાની શરતે અનુસ્નાતક સંસ્થા સેલ્ફ ફાયનાન્સ ધોરણે ચલાવવાની મંજુરી આપવામાં આવે છે.

૧૦. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરીક્ષાઓનું સંચાલન કરવાનું રહેશે. અને જરૂર પડે ત્યારે કર્મચારીગણ મકાન અને સાધનોની ઉપયોગ કરવાની યુનિવર્સિટીને છુટ રહેશે.

૧૧. પ્રતિવર્ષ સંસ્થાએ નિયમાનુસારના ફોર્મમાં માન્યતા ફી સાથે દરખાસ્ત રજુ કરીને વાર્ષિક માન્યતાનું રીન્યુઅલ મેળવવા નું રહેશે.

૧૨. ઉપરોક્ત શરતોમાં સમયાનુસાર થતા ફેરફારો તથા યુનિવર્સિટી ની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

કુલસચિવ

ક્રમાંક/પીજીટીઆર/પ/૨૪૪૩/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા.૦૩/૦૮/૨૦૧૬

પ્રતિ,
(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના તમામ અનુસ્નાતક કેન્દ્રો ના પ્રોફસર ઈન ચાર્જશ્રી

નકલ રવાના:-
(૧) માન. કુલપતિશ્રીના / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબ સાઈટ ઉપર "અનુસ્નાતક કેન્દ્રને માન્ય સંસ્થા તરીકે ગણવી" શિર્ષક અંતર્ગત પ્રસિધ્ધ કરવા માટે)
(૩) ડીનશ્રી, તમામ વિદ્યાશાખા